# પૂજ્ય લાલચંદભાઈના પ્રવચનો
# શ્રી સમયસાર કળશ ટીકા, કળશ ૪૪
# જામનગર, તા. ૧૧-૧૦-૧૯૮૮, પ્રવચન ૪૯૮

શ્રી સમયસાર કળશ ટીકા, એનો અજીવ નામનો બીજો અધિકાર, કળશ નંબર ૪૪ છે. ૫-૬ લીટી ચાલી છે. ફરીથી **ખંડાન્વય સહિત અર્થ-** પાનું ૪૬.

સમયસારનો શું અર્થ છે? સમયસાર એટલે શુદ્ધાત્મા. એ શુદ્ધાત્મા ક્યાં રહેતો હશે? એનું રહેવાનું રહેઠાણ ક્યાં છે? એ શુદ્ધાત્મા, આ દેહમાં હોવા છતાં દેહથી ભિન્ન રહેલો છે, કહેવાય દેહમાં પણ દેહમાં નથી. એ પોતાના અસ્તિત્વમાં, સ્વરૂપમાં બિરાજમાન છે - જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં આત્મા રહેલો છે.

એ શુદ્ધાત્મા, અનાદિકાળથી જીવે પોતાના શુદ્ધાત્માના સ્વરૂપને જાણ્યું નથી, અનુભવ્યું નથી. એ શુદ્ધાત્માનું સ્વરૂપ એવું છે કે જે રાગ-દ્વેષ-મોહથી ત્રણેકાળ રહિત છે. સુખ-દુખના પરિણામથી પણ ભિન્ન છે અને જ્ઞાનાવરણ આદિ આઠ પ્રકારના કર્મ સંયોગરૂપે છે. એ સ્વભાવથી સંયોગ ભિન્ન છે. એમ જ્ઞાનમયી આત્મા જે સ્વભાવ છે એનાથી આ દેહ-મન-વાણી ભિન્ન છે. અને ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મથી ત્રણેકાળ રહિત છે, એવો જે શુદ્ધાત્મા, એ જ્ઞાન-દર્શનનો પુંજ છે, પરમાત્મા છે. અંદર પરમાત્મા બિરાજમાન છે, એનું નામ સમયસાર છે. સાર એટલે રાગથી રહિત અને સાર એટલે આ ઉપાદેયભૂત તત્ત્વ શુદ્ધાત્મા, એને સમયસાર કહેવામાં આવે છે.

એમાં, જીવ અધિકારનું વર્ણન કર્યા પછી આચાર્ય ભગવાનને વિચાર આવ્યો કે અજીવ અધિકાર લખું. અજીવ અધિકાર લખવાનું હેતુ, કારણ એ છે કે અનાદિકાળથી જીવ પોતાના સ્વભાવને ભૂલીને ભૂલો પડી ગયો છે. જ્યારે પોતાના સ્વરૂપનું ભાન નથી એટલે જીવથી એ બીજા પદાર્થો, અજીવતત્ત્વ છે, (ત્યારે) એ અજીવમાં જીવપણાની ભ્રાંતિ કરી બેઠો છે. દેહને જીવ માને, કર્મને જીવ માને, રાગને જીવ માને, એક સમયની પર્યાયના ભેદને જીવ માને. છે બધું અજીવતત્ત્વ. એ અજીવમાં જીવની ભ્રાંતિ થઇ ગઇ છે, માટે 'આ અજીવ છે, આ અજીવ છે, આ અજીવ છે' જોજો ભૂલતો નહિ હોં! આ અજીવ છે, જીવ નથી. આ અજીવ છે પણ જીવ નથી, એમ વારંવાર એક-એક બોલ જુદો-જુદો કહીને સમજાવે છે કે ધ્યાન રાખજે ભાઇ.

પ્રભુ! ભગવાન તું છો. આહાહા! તું તારા સ્વરૂપને ભૂલી ગયો છો. જેમ દારૂડિયો દારૂ પી અને ભાન ભૂલી જાય છે એમ તું અજ્ઞાનથી મોહિત થયેલો આત્મા, તારું સ્વરૂપ તો જેવું છે એવું છે વિદ્યમાન, પણ તને એ દૃષ્ટિગોચર થતું નથી. કેમ? કારણ કે તું અજીવને જીવ માની બેઠો છો. જે જીવ નથી એને તું આત્મા માની બેઠો છો એટલે આત્મા તને દૃષ્ટિગોચર થતો નથી. માટે અજીવ અધિકાર લખવામાં આવ્યો. અ-જીવ, એટલે જીવ નહિ, એનું આ વર્ણન ચાલે છે. એમાં ૪૪ મો કળશ છે. ૪૬ પાનું છે.

**ખંડાન્વય સહિત અર્થ:- અનંતકાળથી વિદ્યમાન છે એવો જે જીવ-અજીવની એકત્વબુદ્ધિરૂપ મિથ્યા સંસ્કાર તે-રૂપ છે ધારાસંતાનરૂપ વારંવાર વિભાવપરિણામ, તેમાં**

**પુદ્ગલ અર્થાત્ અચેતન મૂર્તિમાન દ્રવ્ય નિશ્ચયથી અનાદિ કાળથી નાચે છે**. શું કહે છે? કે અનાદિકાળથી આત્મા, આત્મા અને અનાત્મા, જીવ અને અજીવ, બે પદાર્થ સ્વરૂપથી પોતપોતાના સ્વભાવથી ભિન્ન-ભિન્ન હોવા છતાં પણ, જેમ આત્મા અને દેહ ભિન્ન હોવા છતાં, આત્મા અને દેહ એ એક જ માને છે, દેહને જ આત્મા માને છે, એમ રાગને જ આત્મા માની બેઠો છે.

**એમ જીવ અજીવની એકત્વબુદ્ધિરૂપ મિથ્યા સંસ્કાર** એટલે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર. મિથ્યાદર્શન એટલે ખોટી વિપરીત માન્યતા, શ્રદ્ધા. મિથ્યાજ્ઞાન એટલે આત્માથી જુદા પદાર્થ તેને પોતાનું જાણવું, મિથ્યાજ્ઞાન. મિથ્યાચારિત્ર (એટલે) રાગમાં એકાકાર થઈ જવું, લીન થઈ જવું, જ્ઞાનમાં લીન થવાને બદલે રાગમાં લીન થઈ ગયો છે, એને મિથ્યાચારિત્ર કહેવામાં આવે છે. એ ત્રણ પ્રકારના, ત્રિદોષ થયા છે એને એકત્વબુદ્ધિ કહેવામાં આવે છે. એવા સંસ્કાર અનાદિકાળથી ચાલ્યા આવે છે.

**વારંવાર વિભાવપરિણામ**, અજ્ઞાનરૂપે પરિણમે છે એટલે પરને પોતાનું માને છે. સ્વને ભૂલી અને પરભાવને અને પરદ્રવ્યને પોતાના માનવા એ સંસારનું કારણ છે. તેમાં એ અનાદિકાળથી અજ્ઞાનમાં, રાગ-દ્વેષ-મોહમાં, એ આત્મા પરિણમતો નથી, આત્માના એ પરિણામ નથી પણ એ પુદ્ગલના જ પરિણામ છે. કેમ કે પુદ્ગલના લક્ષે, પુદ્ગલના સંગે થાય છે માટે તેને પુદ્ગલના પરિણામ કહેવામાં આવે છે. એ અનાદિકાળથી પુદ્ગલ, અજીવ એરૂપે પરિણમી રહ્યું છે. ચેતન વસ્તુ પરિણમતી નથી, એ તો અપરિણામી, **શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ; બીજું કહીએ કેટલું? કર વિચાર તો પામ.** (આત્મસિદ્ધિશાસ્ત્ર, ગાથા ૧૧૭).

તારે માત્ર વિચાર કરવાની જરૂર છે. તું દોટ મૂકી રહ્યો છો, તું વિચાર કરતો નથી. સ્થિર થઈને વિચાર કર કે આ આકુળતા ચોવીસે કલાક જે થાય છે, એનું કારણ શું છે? પોતાના સ્વભાવને ભૂલી ગયો છે. તે પરિણમે છે કોણ, રાગ-દ્વેષ-મોહરૂપે? કે પુદ્ગલ પરિણમે છે. જીવ જ્ઞાનરૂપે પરિણમે છે અને પુદ્ગલ એટલે દ્રવ્યકર્મ, રાગ-દ્વેષ-મોહરૂપે પરિણમે છે. બે પદાર્થનું પરિણમન અલગ-અલગ છે, ભિન્ન-ભિન્ન છે. પદાર્થ બે જુદા-જુદા છે. એક જીવ જ્ઞાનરૂપે પરિણમે છે અનાદિકાળથી જાણવારૂપે અને પુદ્ગલ રાગ-દ્વેષરૂપે પરિણમે છે. હવે એની જ્ઞાનની સ્વચ્છતામાં પુદ્ગલના પરિણામ પ્રતિભાસતા, દેહ પ્રતિભાસે છે તો દેહ મારો, દુઃખ પ્રતિભાસે તો હું દુઃખી, મનુષ્યની પર્યાય જણાય તો હું મનુષ્ય. એમ અનાદિકાળથી અજીવમાં જીવપણાની કલ્પના, ભ્રાંતિ કરીને બેઠો છે. એમાં પણ પુદ્ગલ જ પરિણમે છે, જીવ પરિણમતો નથી.

હવે આગળ. **ભાવાર્થ આમ છે કે- ચેતનદ્રવ્ય અને અચેતનદ્રવ્ય અનાદિ છે**. કોઈ કહે એક જ આત્મા છે આખા જગતમાં, એમ નથી. આત્મા અને અનાત્મા બે તત્ત્વ અલગ-અલગ છે, જીવ અને પુદ્ગલ બે અલગ-અલગ છે. જીવ ચેતના સ્વભાવી છે અને પુદ્ગલ જડસ્વભાવી છે. પુદ્ગલમાં સ્પર્શ-રસ-ગંધ-વર્ણ હોય છે. **ચેતનદ્રવ્ય અને અચેતનદ્રવ્ય અનાદિ છે**. કોઈ સંયોગથી આત્માની ઉત્પત્તિ થતી નથી, એ સ્વભાવથી અનાદિ-અનંત આત્મા બિરાજમાન છે. એમ પુદ્ગલ પણ અનાદિ-અનંત છે, કોઈ સંયોગથી જેની ઉત્પત્તિ ન થાય. સંયોગથી ઉત્પત્તિ થાય તો વિયોગથી નાશ થાય, એમ તો છે નહિ.

**ચેતનદ્રવ્ય અને અચેતનદ્રવ્ય અનાદિ છે,** એક (બોલ). **પોતપોતાના સ્વરૂપે છે**. **જડભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ; કોઈ કોઈ પલટે નહિ, છોડી આપ સ્વભાવ** (રાજપદ, ભક્તિ ૨૮, શ્રીમદ રાજચંદ્ર). પોતપોતાના સ્વરૂપે છે, પોતપોતાના સ્વભાવે છે. **પરસ્પર ભિન્ન છે**, ચેતન અને અચેતન પરસ્પર ભિન્ન એટલે જુદેજુદા છે.

**આવો અનુભવ પ્રગટપણે સુગમ છે**. જ્ઞાની કહે છે કે અમને તો બે પદાર્થ જુદા-જુદા ભાસે છે. જડ-ચેતન અમને જુદા-જુદા જણાય છે, અમને અનુભવાય છે. 'તમે એકપણે કેમ અનુભવો છો?', એમ કહેશે. **આવો અનુભવ પ્રગટપણે સુગમ છે**, સહેલો છે, સુગમ એટલે સહેલો છે.

હવે અજ્ઞાનીને કહે છે કે **જેને એકત્વસંસ્કારરૂપ અનુભવ છે તે અચંબો છે**, અમને તો આશ્ચર્ય થાય છે. દેહ અને આત્મા ભિન્ન હોવા છતાં તને દેહ અને આત્મા એક કેમ લાગે છે? એક જેવા તને લાગે છે પણ એક થઈ શકતા નથી. સોનું અને ચાંદી એક જેવા લાગે પણ એક થાય (નહિ). એમ પાણી અને માટી, એનો સંયોગ થયો (તો) પાણી મેલું કહેવાય. એક જેવા લાગે છે પણ પાણી ભિન્ન છે, માટી ભિન્ન છે. માટે અમને તો આશ્ચર્ય અને અચંબો થાય છે કે દેહ અને આત્મા તમને એક કેમ લાગે છે? તમે એમ કેમ માનો છો કે દેહ મારો છે? તમને એમ કેમ લાગતું નથી કે જ્ઞાન મારું છે અને દેહ-જડનો, એનો પુદ્ગલ સ્વામી છે? તમને એમ કેમ લાગતું નથી? આ મકાન મારું છે એમ કેમ કલ્પના કરો છો? કેમ કે એનો સ્વામી તો પુદ્ગલ છે. એનો સ્વામી કાંઈ ચેતન તો હોઈ શકે નહિ. તો તને કેમ મમતા થાય છે પરમાં? અમને અચંબો, આશ્ચર્ય થાય છે, એમ. અમને તો ભિન્ન-ભિન્ન અનુભવ થઈ ગયો. આહાહા! અને તમે પણ અનુભવ કરો તો થઈ શકે ભેદજ્ઞાનથી, સુગમ છે.

**આવો અનુભવ પ્રગટપણે સુગમ છે; જેને એકત્વસંસ્કારરૂપ અનુભવ છે તે અચંબો છે**, આશ્ચર્ય થાય છે અમને. **એવું કેમ અનુભવે છે?** પ્રશ્ન કરે છે. **કેમ કે એક ચેતનદ્રવ્ય, એક અચેતનદ્રવ્ય - એ રીતે અંતર તો ઘણું**, એ બે વચ્ચે જુદાઇ તો ઘણી છે. એકમાં બીજાનો સર્વથા અભાવ છે, એકમાં બીજાનો સર્વથા અભાવ છે. **અથવા અચંબો પણ નથી**, અથવા હવે એમ કહીએ છીએ કે આશ્ચર્ય પણ નથી. કેમ? **કેમ કે અશુદ્ધપણાના કારણે,** અજ્ઞાનના કારણે, પોતાના અજ્ઞાનના કારણે, કર્મના ઉદયના કારણે નહિ, પ્રતિકૂળ સંયોગને કારણે નહિ. પણ **અશુદ્ધપણાને કારણે** એટલે ભેદજ્ઞાનનો અભાવ વર્તે છે તમને એવું અજ્ઞાન, સ્વ અને પર એનો વિભાગ કરનારું જે જ્ઞાન પ્રગટ થવું જોઈએ, એ જ્ઞાન પ્રગટ થતું નથી અને સ્વ અને પર એક ભાસે છે એવું જે અશુદ્ધપણું, એના **કારણે બુદ્ધિને ભ્રમ થાય છે.** આહાહા! બુદ્ધિ બગડી ગઈ છે.

જડ અને ચેતન એક તો થવાના નથી. મકાન કદી પણ કિશોરભાઇનું ન થાય, દેહ પણ ન થાય એનો, રાગ પણ કિશોરભાઇનો ન થાય. કોઈ જીવનો (રાગ) ન થાય, આ તો કિશોરભાઇનું તો નામ છે, બધાને લાગુ પડે. આહાહા! પણ ભ્રમણા થઈ ગઈ છે - આ મારું, મારું, મારું કરીને મરે છે. જે ત્રણેકાળ સાથે આવે છે જ્ઞાન, એને ભૂલી ગયો અને જે સંયોગ સાથે નથી આવતા, એને મારું માને છે, હેમંતભાઈ. આહાહા!

મુમુક્ષુ:- બરાબર, ધન્ય ઘડી છે!

ઉત્તર:- ધન્ય ઘડ़ી છે.

મુમુક્ષુ:- આવું મળે ક્યાંથી?

ઉત્તર:- ન મળે હો.

મુમુક્ષુ:- અમારા મહાન ભાગ્ય છે.

ઉત્તર:- જે આત્માની સાથે ત્રણેકાળ આવે છે, કદી પણ કોઈ પણ જીવ અહીંયાં જ્ઞાન મૂકીને બહાર નહિ જાય. (જીવ) રાગને છોડી, દેહને છોડી, મકાનને છોડી, સંયોગને છોડી એ તો ચાલ્યો જાય છે. પણ જે જ્ઞાન લક્ષણ ઉપયોગ છે, એ ત્રણેકાળ, એનું જે લક્ષણ છે એ તો એની સાથે ને સાથે, પરલોકમાં પણ સાથે જ જાય છે. ઉપયોગ અહીંયાં રહી જાય અને આત્મા જુદો પડી જાય, એમ ન બને. સાકરનું ગળપણ લક્ષણ અહીંયાં રહી જાય અને સાકરનો ટુકડો ચાલ્યો જાય બહાર, એમ કોઈ દિવસ (ન બને). કેમ કે લક્ષણ અને લક્ષ્ય (વચ્ચે) તાદાત્મ્યસંબંધ છે એનો, ટાળ્યો ટળે (નહિ). એમ જ્ઞાન અને આત્મા એક પદાર્થ છે, જ્ઞાન જીવની સાથે જ જાય છે. રાગ અહીંયાં રહી જાય, દ્વેષ રહી જાય, દુઃખ-સુખ રહી જાય, સંયોગ રહી જાય, કર્મ રહી જાય પણ જીવ તો સાથે ને સાથે, જ્ઞાનની સાથે જાય છે. તો કહે છે કે **એક ચેતનદ્રવ્ય, એક અચેતનદ્રવ્ય-એ રીતે અંતર તો ઘણું**, જુદાઇ તો છે. **અથવા અચંબો પણ નથી, કેમ કે અશુદ્ધપણાના કારણે બુદ્ધિને ભ્રમ થાય છે**, ભ્રાંતિ થઈ છે.

હવે દૃષ્ટાંત આપે છે. **જેવી રીતે ધતૂરો પીતાં દૃષ્ટિ વિચલિત થાય છે,** કોઈ ધતૂરો પી લે, દારૂ પી લે, ધતૂરો પી લે, વગેરે (તો) **દૃષ્ટિ વિચલિત થાય છે, શ્વેત શંખને પીળો દેખે છે**. જેમ કમળો થયો હોય અને કપડું સફેદ હોવા છતાં કમળાના રોગીને પીળું કપડું છે, એમ ભાસે છે, પણ એને ભાસે છે એવું કપડું નથી, એનો ભ્રમ છે એ. એમ **ધતૂરો પીતાં દૃષ્ટિ વિચલિત થાય છે, શ્વેત શંખને પીળો દેખે છે, પણ વસ્તુ વિચારતા આવી દૃષ્ટિ સહજની તો નથી**, સ્વભાવિક નથી, તે વૈભાવિક છે. શંખ પીળો લાગે છે એ દૃષ્ટિ સાચી નથી, શંખ તો સફેદ છે. આ જે દૃષ્ટિ છે એ સહજની તો નથી, એટલે સ્વભાવિક નથી, એ વૈભાવિક છે દૃષ્ટિ એની, ધતૂરો પીએ છે એને ભ્રમ થઈ જાય છે. **દૃષ્ટિદોષ છે**, આહાહા! વસ્તુ તો જેવી છે તેવી છે, દૃષ્ટિનો દોષ છે. **દૃષ્ટિદોષને ધતૂરો ઉપાધિ પણ છે**, નિમિત્ત પણ છે. અજ્ઞાન છે - નૈમિત્તિકભાવ, એમાં એક નિમિત્ત પણ બીજું છે.

**તેવી રીતે**, દૃષ્ટાંત પૂરો થયો. **તેવી રીતે જીવદ્રવ્ય અનાદિ**કાળ**થી કર્મસંયોગરૂપે મળેલું જ ચાલ્યું આવે છે**. સ્વભાવની સાથે એક બીજો સંયોગસંબંધ થયો છે. સ્વભાવ અને સંયોગ, એ બે ચીજ જુદી-જુદી છે, એ બે ચીજ એક નથી. કપડું સફેદ છે, એને લાલ રંગનો સંયોગ થાય છે, પાછો એ સંયોગ નીકળી પણ જાય છે. એમ સ્વભાવ અને સંયોગ...

આ બાજુ આવો બધા નજીક આવો બધા. આનીકોર, મારી બાજુ આવો, મારી બાજુ આવો. ત્રંબકભાઈ, આવો મારી પાસે. શારીરિક તબિયતને કારણે હું મંદિરે નથી આવી શકતો, એટલે બપોરે અહીંયાં રાખ્યું છે. બહેન સવારે ત્યાં જાય છે.

દૃષ્ટાંત પૂરો થાય છે, હવે સિદ્ધાંતમાં ઉતારે છે. **તેવી રીતે જીવદ્રવ્ય અનાદિથી કર્મસંયોગરૂપે** પરિણમેલું **છે.** કર્મના સ્વભાવરૂપે પરિણમેલું એમ નથી લખ્યું, છે લખેલું? (નહિ). કર્મની સાથે જીવનો સંયોગસંબંધ છે, તાદાત્મ્યસંબંધ નથી. જેમ ખાંડની સાથે મેલનો સંયોગસંબંધ છે, મેલ તો નીકળી જાય છે. જ્યારે પતાસા કરે છે, ત્યારે ગરમ કરે છે, તો મેલ તો (નીકળી જાય છે).

મેલ નીકળી જાય (તો) સાથે ગળપણ નીકળતું હશે કે નહિ?

મુમુક્ષુ:- નહિ, બિલકુલ નહિ.

ઉત્તર:- બિલકુલ ન નીકળે? થોડું ઘણું દસ ટકા પાંચ ટકા (નીકળતું હશેને)?

મુમુક્ષુ:- બિલકુલ નહિ.

ઉત્તર:- કેમ નીકળતું નથી? કારણ શું છે? કેમ કે સ્વભાવ અને સ્વભાવવાન જુદા ન પડે, સ્વભાવ અને સંયોગ તો જુદા પડી જાય. આ તો બુદ્ધિગમ્ય છે વિષય, કોઇ આમ અંધશ્રદ્ધાનો વિષય નથી. Logic (લોજિક)થી, ન્યાયથી વિચાર કરે તો બેસી જાય એવું છે, ન બેસે એવું કાંઈ નથી.

આમાં લખ્યું છે કે **જીવદ્રવ્ય અનાદિથી કર્મસંયોગરૂપે મળેલું જ ચાલ્યું આવે છે,** કર્મરૂપે પરિણમ્યું છે એમ નથી લખ્યું, કર્મના સંયોગની સાથે મળેલું છે. જેમ ખાણમાંથી સોનું નીકળે છે તો સોનાની સાથે માટી ભેળસેળ હોય છે, એને સુવર્ણ પાષાણ કહેવામાં આવે છે. ખાણમાંથી ચોખ્ખું સોનું ન નીકળે, માટીની સાથે મળેલું હોય છે. પણ સોનું એ તો સ્વભાવ છે, અને માટી એ તો સંયોગ છે. માટીનું મળવું, સોનાની સાથે સંયોગરૂપે છે, સ્વભાવની સાથે એકત્વ પામતું નથી, માટે process (પ્રક્રિયા) કરતા માટી નીકળી જાય છે અને સુવર્ણ શુદ્ધ પ્રાપ્ત થઈ જાય છે.

એમ **જીવદ્રવ્ય અનાદિથી કર્મસંયોગરૂપે મળેલું જ ચાલ્યું આવે છે**, રાગનો સંયોગ, સુખ-દુ:ખનો સંયોગ, કર્મનો સંયોગ, શરીરનો સંયોગ. આહાહા! આ મકાન તો જુદું જ છે, એટલે એની વાત તો જવા દો, એ તો દૂર છે. એ તો જુદું દેખાય છે. પણ આ કારખાને જાય તો શરીર સાથે આવે છે, આઠ કર્મ સાથે આવે છે, 'આ ફેક્ટરી મારી' એવો રાગ પણ સાથે સંયોગરૂપે આવે છે. એ જીવની સાથે એકમેક, ચેતન અને જડ, એકમેક થતા નથી. આહાહા! જીવના સ્વભાવની સાથે, જ્ઞાનમય-આનંદમય પરમાત્માની સાથે, આવો એક સંયોગ અનાદિકાળથી ચાલ્યો આવે છે, જેમ સોનાની સાથે માટીનો સંયોગ છે ખાણમાં, એમ.

**ચાલ્યું આવે છે, મળેલું હોવાથી વિભાવરૂપ અશુદ્ધપણે પરિણમી રહ્યું છે** કે જાણે આ દેહ મારો, આ શરીર મારું, રાગ મારો, એમ અનાદિકાળથી મિથ્યાભ્રાંતિથી અજ્ઞાનરૂપે આત્મા પરિણમે છે. **અશુદ્ધપણાના કારણે જ્ઞાનદૃષ્ટિ અશુદ્ધ છે**. આમ જ્ઞાનમાં ભ્રાંતિ થઈ ગઈ છે કે દેહ મારો, એ જ્ઞાનનું અજ્ઞાન કરી નાખ્યું. **જ્ઞાનદૃષ્ટિ અશુદ્ધ છે**, ભેદજ્ઞાન કરે તો જ્ઞાનદૃષ્ટિ શુદ્ધ થઈ જાય, ભિન્ન-ભિન્ન છે એમ જાણે તો દેહમાં મમતા છૂટી જાય, રાગમાં મમતા છૂટી જાય. **જ્ઞાનદૃષ્ટિ અશુદ્ધ છે,** એટલે અજ્ઞાન છે, જ્ઞાનનું અજ્ઞાન કરી નાખ્યું.

**તે અશુદ્ધ દૃષ્ટિ વડે**, એવા પોતાના અજ્ઞાન વડે, **ચેતનદ્રવ્યને પુદ્ગલકર્મની સાથે**, છે બન્ને ભિન્ન-ભિન્ન છતાં **એકત્વસંસ્કારરૂપ અનુભવે છે**, જાણે - પુદ્ગલ અને જીવ બન્ને એક હોય, શરીર અને આત્મા એક હોય, રાગ અને આત્મા એક હોય, દુ:ખ અને આત્મા એક હોય. દુ:ખ અને આત્મા એક નથી! દુ:ખનો જાણનાર છે પણ દુ:ખનો ભોગવનાર નથી. આહાહા! બે ચીજ ભિન્ન-ભિન્ન છે, એક ચેતન અને એક જડ-અચેતન. **એકત્વસંસ્કારરૂપ અનુભવે છે**, અનુભવે છે એટલે એને અનુસરીને શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમે છે. અનુભવે છે એટલે એને અનુસરીને એકપણાની માન્યતાએ પરિણમતો આત્મા.

**આવો સંસ્કાર તો વિદ્યમાન છે**, આ મિથ્યા સંસ્કાર અનાદિકાળથી વિદ્યમાન છે, નથી એમ નહિ. પર્યાયમાં ભૂલ છે, જીવ ભૂલતો નથી, પરિણામ ભૂલે છે. ભૂલ પરિણામમાં થાય છે, જીવમાં ભૂલ થતી નથી. જેમાં ભૂલ ન હોય એ આત્મા છે અને ભૂલ કરે છે એ અનાત્મા છે. ભૂલ કોણે કરી છે? અનાત્મા કરે છે, ભગવાન આત્મા ભૂલ નથી કરતો, એ તો જુદો છે. એને જાણે એક થઇ ગયો હોય, ભૂલ અને ભૂલ વગરની વસ્તુ એક થઇ ગઈ હોય, એમ એને ભાસે છે. પાણી અને માટીની પર્યાય મલિન જે છે, એ માટી અને સ્વચ્છ પાણી જાણે એક થઈ ગયા હોય, એમ એને લાગે છે, પણ એક થતા નથી. ફટકડી નાખતાં મેલ જુદો પડી જાય છે અને સ્વચ્છ પાણી પ્રાપ્ત થાય છે.

**આવો સંસ્કાર તો વિદ્યમાન છે, પણ** જુઓ **વસ્તુસ્વરૂપ વિચારતા**, આવ્યું? બે વસ્તુને બેપણે જોતાં, ભિન્ન-ભિન્ન જોતાં ભિન્ન જ તમને દેખાશે, એકપણે નહિ દેખાય. **વિચારતા આવી અશુદ્ધ દૃષ્ટિ સહજની તો નથી, અશુદ્ધ છે, દૃષ્ટિદોષ છે**. આહાહા! ભ્રમણા થઈ ગઈ છે, મમતા થઈ ગઈ છે - મારું, મારું, મારું, મારું. આહાહા! એક રજકણ પણ આત્માનું થતું નથી. પરલોકમાં જાય છે તો કોઈ રજકણ અહીંથી લઈ જાય છે કોઈ? હેં? જયસુખભાઈ ગુરુદેવ પાસે આવતા હતા, હેં? ભાઈના ભાઈ, પણ ગયા, કાંઈ આંહીથી લઈ ગયા? સમજણ લઈ ગયા. ગુરુદેવના પરિચયથી સાથે સમજણ લઈ ગયા છે. અણસમજણ છોડી અને સમજણ લઈને ગયા, બાકી રજકણ સાથે લઈ જતા નથી કોઈ.

મુમુક્ષુ:- છેલ્લે સુધી હું જાઉં છું.

ઉત્તર:- બસ હું જાણું છું.

મુમુક્ષુ:- જાઉં છું, જાઉં છું.

ઉત્તર:- જાઉં છું, જાઉં છું. આહાહા! એમને છેલ્લે-છેલ્લે ગુરુદેવના પરિચયથી... પણ આયુષ્ય ઓછું નહિતર એ જીવ એવો હતો (કે) કામ કાઢે.

**પણ વસ્તુસ્વરૂપ વિચારતા આવી અશુદ્ધ દૃષ્ટિ સહજની તો નથી,** સ્વભાવિક નથી, વૈભાવિક છે. શરીરમાં તાવ આવે એ સ્વભાવ છે? શરીરનો વિભાવ છે. (તાવ) આત્માનો તો વિભાવ પણ નથી અને સ્વભાવ પણ નથી, પણ એ પુદ્ગલનો, શરીરનો વિભાવ છે. તો વિભાવ ક્યાં સુધી (રહે)? એ થોડો ટાઇમ રહે. ડોક્ટર કહે ત્રણ દિવસ દવા લે (તો) મટી જશે. કોઈને એમ થાય છે કે આ તાવ કાયમ રહેશે? કોઈને નથી થતું. હેં? વિભાવ છે એ નીકળી જશે. એમ, એમ થવું જોઈએ કે આ અજ્ઞાન છે એ વિભાવ છે, સ્વભાવ દૃષ્ટિ કરતા આ અજ્ઞાનનો અભાવ થઈ જશે. આહાહા! **વસ્તુસ્વરૂપ વિચારતા આવી અશુદ્ધ દૃષ્ટિ સહજની તો નથી**.

**અને દૃષ્ટિદોષને પુદ્ગલપિંડરૂપ મિથ્યાત્વકર્મનો ઉદય ઉપાધિ પણ છે**, નિમિત્ત પણ છે. નૈમિત્તિકભાવ થાય અજ્ઞાન, ત્યારે કર્મના ઉદય આદિને નિમિત્ત કહેવામાં આવે છે. કર્મના ઉદયથી રાગ નથી થતો, શુદ્ધાત્માના સ્વભાવને છોડે છે અને પરમાં ઇષ્ટ-અનિષ્ટની કલ્પના કરે તો રાગ થાય. રાગ થાય ત્યારે કર્મના ઉદયને નિમિત્ત કહેવામાં આવે છે. બે વસ્તુ અલગ-અલગ છે, કર્મ અજીવ - જડ છે અને રાગ આસ્રવતત્ત્વ છે અને એનાથી જુદો જીવતત્ત્વ છે. જીવ જુદો, આસ્રવ જુદો અને કર્મ પણ જુદા, કોઈ-કોઈના કારણે નહિ. જીવના કારણે રાગ ન થાય, કર્મને કારણે રાગ ન થાય, રાગને

કારણે કર્મ ન બંધાય. કર્મ બંધાય કર્મના કારણે, રાગ થાય રાગના કારણે, એનાથી જુદો જાણનાર, જાણનાર, જાણનાર જુદો અને જુદો છે. આહાહા! બીજો બીજાને કરે છે, જીવ તો જાણનાર છે. બીજો બીજાને કરે છે તો કરો, હું તો અકર્તા - જાણનાર છું, જ્ઞાતા છું. આહાહા!

મુમુક્ષુ:- રોબોટ (robot) કરે છે.

ઉત્તર:- રોબોટ કામ કરે છે, હું તો જાણનાર છું. આ રોબોટ છે બધું. આહાહા! હમણાં રોબોટનું બહુ ચાલે છે foreign (પરદેશ)માં. આ (શરીર) પણ રોબોટ છે હોં! આહાહા! શરીર રોબોટ છે. ચેતન જાણે છે, ચેતન કાંઇ કામ ન કરે. રોબોટ કરે, ચેતન જાણે કે આ રોબોટ કામ કરે છે. એ રોબોટ કામ કરે છે એના બદલે 'હું કરું છું' એ અજ્ઞાન. કરે છે રોબોટ કામ, અને માને કે 'હું કરું છું' એ અજ્ઞાન થઈ ગયું. આહાહા! રોબોટ કરે છે, બીજો કરે છે, હું તો જાણનાર છું તો જ્ઞાન પ્રગટ થાય. આહાહા! થોડોક પુરુષાર્થ માગે છે. એમ ને એમ, તરતજમાં આ બેસે, એવું પણ નથી.

**હવે જેવી રીતે દૃષ્ટિદોષથી શ્વેત શંખને પીળો અનુભવે છે**, ભલે પીળો લાગે એને. **તો પછી દૃષ્ટિમાં દોષ છે, શંખ તો શ્વેત જ છે,** સફેદ, સફેદ છે, ભલે પીળો ભાસે. પીળો લાગે તો કાંઈ પીળો ન થાય. સંયોગમાં સુખની કલ્પના કરે, પણ સંયોગ કાંઈ સુખ આપે? (ના). કેમ કે સંયોગમાં સુખ નથી. સંયોગ છે, બહારના અનુકૂળ મોટર અને બંગલા અને આ બધું, એ સંયોગ છે. સંયોગ કાંઈ સુખ આપે? (ના), કેમ કે એ જડ પદાર્થ છે, એમાં સુખ નથી, અને એ દુ:ખ પણ ન આપે. દુ:ખ આપે અજ્ઞાન અને સુખ આપે જ્ઞાન. અને સુખ-દુ:ખને આપનાર (ભગવાન આત્મા નથી). ભગવાન આત્મા તો જાણે છે, કે પર્યાયમાં સુખ પણ થાય અને દુ:ખ થાય, એનાથી હું જુદો છું. આહાહા!

**જેવી રીતે.. પીળો દેખતાં શંખ તો પીળો થયો નથી; તેવી રીતે મિથ્યા દૃષ્ટિથી**, વિપરીત માન્યતાથી, **ચેતનવસ્તુ અને અચેતનવસ્તુને એક કરીને અનુભવે છે**, ભલે એકમેક એને ભાસે છે, ભ્રાંતિથી, **અનુભવે છે તો પછી દૃષ્ટિનો દોષ છે, વસ્તુ જેવી ભિન્ન છે તેવી જ છે.** આહાહા! આ જુઓ. પોતપોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં, સ્વચતુષ્ટયમાં છે. આત્મા એના સ્વચતુષ્ટયમાં છે અને પુદ્ગલ એના સ્વચતુષ્ટયમાં છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એના જુદા અને આત્માના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ (જુદા), બેય ભિન્ન-ભિન્ન વસ્તુ છે. છે સંયોગરૂપે સાથે છતાં એકમેક થતી નથી.

**વસ્તુ જેવી ભિન્ન છે તેવી જ છે, એક કરીને અનુભવતાં**, **અનુભવતાં** - એમ માનતાં, જાણતાં, **એક થતી નથી**. દેહ અને આત્મા એક થતા નથી, એક માને છે પણ જ્યારે ગુજરી જાય ત્યારે? (અજ્ઞાની કહે કે) ત્યારે જુદા. જ્યારે જીવ ચાલ્યો જાય ત્યારે દેહ અને આત્મા જુદા? પણ તું જીવતો છો ત્યારે દેહ અને આત્મા જુદા છે એમ સ્વીકારી લે ને! મર્યા પછી તો આ ખોખાને બાળી નાખશે. અને મોટા લાકડા નાખશે અને જો આમ થાય તો લાકડા મારશે. હેં? તો તે (મરણ) ટાણે દેખાય છે કે દેહ અને આત્મા જુદા છે. મર્યા પછી તો દેખાય છે, તો જીવતા જુદા છે એમ જાણી લે ને, તારું કામ થઈ જાય! મમતા છૂટી જાય, દેહ રહી જાય, હોં! હા, મમતા છૂટે તો દેહને બાળી નહિ નાખે, તારે ગભરવાની જરૂર નથી. મમતા છૂટે છે, દેહ રહી જાય. મમતા છૂટે એટલે સંસાર છૂટી જાય. મમતા છૂટી એટલે (સંસાર છૂટયો). મમતાનો સંસાર છે, દેહ રહી જાય, સંયોગ રહી જાય, મમતા છૂટી જાય છે. આહાહા! મમતા છોડી દે ને? આહાહા! મર્યા પછી જુદું કરવું - પાડવું એનાં

કરતા (જીવતા મમતા છોડી દે). આહાહા! મોત આવે ત્યારે રોવે ઘણાં, હાય-હાય! આ બધો વૈભવ કમાણો, હવે મારે ત્યાં આ મૂકીને જાવું પડશે, આ ભોગવટો, મને ભોગવવાનો આવ્યો નહિ કાળ. આહાહા! રડે હોં! પોક મૂકીને. ડોકટર કહે 'બસ, મુદ્દત થોડી છે તમારી, સગાવહાલાને બોલાવી લ્યો'. થઈ રહ્યું. આહાહા! ભાઈ! દેહ અને આત્મા ત્રણેકાળ જુદેજુદા છે, એક નથી. એક જડ અને એક ચેતન. તો મમતા છોડી દે ને? આહાહા! મમતા છૂટયો, સંસાર છૂટી ગયો, મમતા કહો કે મોહ કહો.

અહીંયાં કહે છે ભિન્ન-ભિન્ન છે, એક કદી થતી નથી. એક માને તો (પણ) એક ન થાય. **એક કરીને અનુભવતાં એક થતી નથી**. બન્ને વસ્તુ ભિન્ન-ભિન્ન છે. પાણી અને માટી બન્ને ભિન્ન-ભિન્ન છે. પાણી ઊનું થાય ત્યારે શીતળ પાણીનો સ્વભાવ અને ઉષ્ણતા અગ્નિની છે એ બન્ને ભિન્ન-ભિન્ન છે. પાણી ઉષ્ણ થયું નથી, પાણી ગરમ નથી થયું. (પાણી ઉષ્ણ થયું-) એ ભ્રાંતિ છે. અગ્નિ ગરમ છે, પાણી તો શીતળ છે. કયા વખતે? કે પાણી ગરમ છે એમ વ્યવહારી લોકો કહે છે ત્યારે. આહાહા! પાણી ગરમ થાય જ નહિ. અત્યાર સુધી કોઈ પાણી ગરમ થયું નથી. જે ગરમ થાય છે ને? એ અગ્નિ ગરમ છે. લક્ષણ ભેદે ભેદ છે. ઉષ્ણતા અગ્નિનું લક્ષણ છે, શીતળતા પાણીનું લક્ષણ છે. લક્ષણ ભેદે ભેદ છે. આહાહા!

એમ આત્મા જ્ઞાનમય છે, અને રાગ છે એ જડભાવ છે, એક ચેતન અને એક જડભાવ છે. કેમ કે એકપણે **અનુભવતાં એક થતી નથી, કેમ કે ઘણું અંતર છે**, જુદાઇ ઘણી છે, અંતર એટલે બન્ને વચ્ચે જુદાઇ ઘણી છે. **કેવું છે અવિવેકનાટ્ય?** અવિવેક એટલે કે અજ્ઞાન, એકપણાની માન્યતા. **કેવું છે અવિવેકનાટ્ય (અર્થાત્ જીવ-અજીવની એકત્વબુદ્ધિરૂપ વિભાવપરિણામ)? અનાદિથી એકત્વસંસ્કારબુદ્ધિ ચાલી આવી છે-એવું છે.** આહાહા! એકપણાની માન્યતા માની, મરીને ચાર ગતિમાં રખડે છે, એનો છૂટકારો થતો નથી. મમતા સાથે લઈને ગયો. દેહ તો મૂકીને ગયો પણ દેહની મમતા? દેહ ન હોય તો પણ દેહની મમતા સાથે જાય. દેહ સાથે જાય તો મમતા જાય સાથે એમ નથી. શું કહ્યું? કે દેહ છે તો મમતા થાય છે અને દેહ જાય તો મમતા છૂટી જાય છે, એમ નથી. દેહાદિ - પર, મારા છે એવી મિથ્યાબુદ્ધિ સાથે લઈને જાય છે, મિથ્યા સંસ્કાર.

**અનાદિથી એકત્વસંસ્કારબુદ્ધિ ચાલી આવી છે**. લ્યો! **-એવું છે. વળી કેવું છે અવિવેકનાટ્ય?** આહાહા! ભેદજ્ઞાનનો અભાવ તેને અવિવેક દૃષ્ટિ કહેવામાં આવે છે. મૂર્ખાઇ ભરેલી દૃષ્ટિ. **જેમાં થોડુંક વિપરીતપણું નથી,** આહાહા! **ઘણું વિપરીતપણું છે.** સર્વથા વિપરીતપણું છે!

**કેવું છે પુદ્‌ગલ?** હવે પુદ્‌ગલ - અચેતન અને ચેતન, એ બેના ભેદજ્ઞાનનો પ્રકાર બતાવે છે એના લક્ષણથી. **કેવું છે પુદ્‌ગલ? 'વર્ણાદિમાન્'**, જેમાં **સ્પર્શ, રસ, ગંધ, વર્ણગુણથી સંયુક્ત** એટલે સહિત **છે.** પુદ્‌ગલ તો એના ગુણોથી સહિત છે અને આત્મા રાગથી રહિત છે, એમ કેહવું છે. **અને આ જીવવસ્તુ આવી છે**. પુદ્‌ગલ કેવું છે? કે સ્પર્શ, રસ, ગંધ, વર્ણથી સહિત છે. અને આ આત્મા કેવો છે? આ કોના આત્માની વાત (છે)? પોતાના આત્માની. ક્યારે? કે હમણાં. ક્યારે? કે હમણાં. આ સાંભળવાનો જે રાગ થાય છે ને? સાંભળવાનો જે વિકલ્પ એટલે રાગ, શુભરાગ છે આ. શાસ્ત્ર સ્વાધ્યાયનો જે રાગ છે, પોતાનો સ્વરૂપ સમજવાનો જે ભાવ જાગ્યો છે, એ ભાવ રાગ છે. એ રાગથી આત્મા ભિન્ન છે, અત્યારે, ત્રણેકાળ. હું સાંભળું છું, (એ) નહિ, હું જાણનાર છું. સાંભળનારો

જુદો અને જાણનાર જુદો. શુભાશુભભાવ કરનાર જુદો અને જાણનાર જુદો. આહાહા! ક્યારે? કે ત્રણેકાળ. જરા કિશોરભાઈ મહેનત કરવી પડશે.

મુમુક્ષુ:- તો સમજાય એવું છે.

ઉત્તર:- (હા), ચીમનભાઇને પ્રમોદ આવી ગયો. પ્રમોદ આવે એવી વાત છે, પોતાના ઘરની વાત છે, સુખી થવાની વાત છે. બનારસીદાસજી થઇ ગયા છે ચારસો વર્ષ પહેલા, (તે) એમ કહે છે 'एक समय की कमाई तू अनंतकाल खायगो।।' (श्री स्वामी समन्तभद्र आचार्य रचित रत्नकरण्ड श्रावकाचार परिशिष्ट-१). કમાણી એક સમયની, એટલે એક વખત ભેદજ્ઞાન કરી, અભેદ શુદ્ધાત્માનો જો અનુભવ કર્યો અને અતીન્દ્રિયજ્ઞાન દ્વારા અતીન્દ્રિય આનંદનો સ્વાદ લીધો, એક સમય પૂરતો સ્વાદ આવ્યો, એવું જે સમ્યગ્દર્શન પ્રગટ થયું તો કહે છે કે એ અનંતકાળ એને દુ:ખ નહિ આવે, સુખ-સુખના ઢગલા આવશે. થોડું સુખ શરૂ થયું એ સુખ પૂર્ણ થઈને પરમાત્મા થઈ જશે. આહાહા! એક સમયની કમાઇ.

આ તો આખી જીંદગી કમાઇ, ઢસરડા કરે એંસી વર્ષ સુધી, તો પણ ગાદી છોડે નહિ. એનો દીકરો પચાસ વર્ષનો થાય કે બાપા હવે દુકાને ના આવે તો સારું. શું? આહાહા! મમતા છૂટે નહિ. ગુરુદેવ કહેતા હતા કે વેપારીને તો છુટ્ટી મળે નહિ, પણ સરકારી નોકરી હોય ને, એને તો ૫૮ વર્ષની મુદ્દત હોય, ફરજિયાત retired (નિવૃત). ગુરુદેવને તો બધી ખબર હોય ને. આહાહા! તીવ્ર લોભ કષાય હોય ને, દુકાનનો થડો છોડે નહિ. અને કોઇ ભાવ પૂછવા આવે તો પણ બાપા જ ભાવ કહે, ઓલાને ભાવ કહેવાની મનાઇ. આ બધું બને છે હોં!

મુમુક્ષુ:- ૮૦ વર્ષની કમાઇ એક સમયમાં ગુમાવાઈ. મૃત્યુ પાસે એક સમયમાં જતી રહેવાની.

ઉત્તર:- ખલાસ. આહાહા!

મુમુક્ષુ:- અને ઓલી એક સમયની કમાઇ અનંતકાલ રહેશે.

ઉત્તર:- આહાહા! આ (ભવ) તો ૮૦ વર્ષે પુરું થાય એટલે રામ બોલો ભાઈ રામ! આહાહા! ૭૦-૭૫ સુધી લોકો ઢસરડા કર્યા કરે છે, પૈસા હોવા છતાં. ન હોય ને ઢસરતો કરે એ તો ક્ષમ્ય છે, એ તો ક્ષમ્ય છે. સંસારી જીવ છે, કાંઇ લાંબો હાથ ન કરવો પડે એ હિસાબે બરાબર છે. શ્રીમદ્જીએ તો ત્યાં સુધી કહ્યું છે, ધીરૂભાઇ, કે જો તને આજીવિકાનું સાધન મળી ગયું હોય તો બસ કરજે અને આત્માનું હિત કરી લેજે. ધીરૂભાઇનું તો નામ છે હો, બાકી બધાને લાગુ પડે છે. જો તને આજીવિકાનું સાધન મળી ગયું હોય તો બસ કરજે. આહાહા! આત્માનું હિત કરી લે, મોકો મળ્યો છે. મનુષ્યભવ મળવો બહુ મુશ્કેલ છે. આહાહા! અનંત-અનંતકાળથી નિદગોમાં પડયો હતો. એમાં, દોલતરામજી તો કહે છે કે એકેન્દ્રિયમાંથી બે ઈન્દ્રિયમાં જ્યાં આવ્યો ત્યાં (ચિન્તામણી)રતનની પ્રાપ્તિ થઇ ગઇ, બે ઈન્દ્રિયમાં (છ ઢાળા, પહેલી  ઢાળ, ગાથા ૫). કેમ કે માંડ-માંડ બે ઈન્દ્રિય એને મળી. એકેન્દ્રિયમાં હતો નિગોદમાં, બટાટા અને લસણ-ડુંગળીમાં આહાહા! એમાં(થી બહાર આવીને) બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય, પંચ ઈન્દ્રિય, સંજ્ઞી મનુષ્ય થયો. આહાહા!

સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર મળ્યા, સમજવાની જીજ્ઞાસા પણ થઇ, હવે પ્રમાદ કરવા જેવું નથી. આહાહા! હજી બાજી હાથમાં છે, આયુષ્ય પુરું ન થાય ત્યાં સુધી બાજી હાથમાં છે. પણ આયુષ્ય

મારું લાંબું છે એ કલ્પના કરતા નહિ, તો પ્રમાદ આવી જશે. આહાહા! ભલે ઘરના બૈરાઓને અને છોકરાઓને લાગે, એમ જ કેહવું કે મારું આયુષ્ય ટૂંકું છે એટલે મારે તો ધર્મધ્યાન કરી લેવું છે. મને એક જ્યોતિષે કહ્યું છે, જ્યોતિષે કહ્યું છે, થોડી બનાવટ કરવી આત્મહિત માટે. જ્યોતિષે કહ્યું છે કે તમારું આયુષ્ય ટૂંકું છે, તમારે જે કરવું હોય અવારે (તરત) (તે કરી લેવું). ઓલું નથી કહેતા Will (વિલ, વસિયતનામું) કરવું હોય તો કરી લેવું. એમ ઘરમાં એમ વાત કરવી કે આયુષ્ય ટૂંકું છે, મને જ્યોતિષે કીધું છે, હવે મારે કાંઈ દુકાને જાવું નથી. આહાહા! તો (કહે) પણ ખર્ચો ઘણો છે. પણ વ્યાજ કેટલું આવે છે? કે ખર્ચ કરતા ત્રણ ઘણું. તો હવે મૂકને માથાકૂટ! આ તો દાખલો. કમાણી આ તો કોઈને કાંઈ, કોઈને કાંઈ, કારખાના (કે) બીજા, ત્રીજા. આહાહા!

પરપદાર્થની પાછળ પડી ગયો છે જીવ, પરપદાર્થ આત્માનો ત્રણકાળમાં થવાનો નથી, એક રજકણ પણ સાથે આવતું નથી. આહાહા! લોભ કષાયની પણ કોઈ હદ હોય છે, મર્યાદા. અગાઉના કાળમાં તો પરિગ્રહનું પરિમાણ કરતા હતા, કે આટલું થાય એટલે સંતોષ, બસ છે, મારે કાંઈ કરવું નથી. આ તો કોઈ માપ જ નહિ, આશાનો ખાડો, તૃષ્ણાનો ખાડો પૂરાય નહિ. પહેલા એમ કહે કે 'ભાઈ, સાધારણ સ્થિતિ છે અને આપણે લાખ રૂપિયા થશે તો નિવૃત્તિ લઈને ધર્મધ્યાન કરશું'. લાખ થાય તો પાંચ લાખ (ઈચ્છે), અને પાંચ લાખ થાય તો પચ્ચીસ લાખ (ઈચ્છે), એની કોઈ મર્યાદા-limit (નથી).

પાછો છોકરા માટે કમાય, અને છોકરો ધક્કો મારે અને પાંજરાપોળમાં જવું પડે બાપાને, એવો વખત આવી ગયો છે. હા! છે દેખાય છે બધું અટાણે, બને છે. વૃદ્ધાશ્રમમાં, એક માજીને ત્રણ દીકરા છે, એને વૃદ્ધાશ્રમની ગોઠવણ ચાલે છે. મનુભાઈ આવ્યા નથીને આજે, મનુભાઈ સાથે વાત થઈ હતી વૃદ્ધાશ્રમમાં ગોઠવવા છે માજીને. યાદ કરજોને ફોનથી જરાક, તપાસ કરી લે. સોનગઢમાં રહેતા હતા, હવે જરા તકલીફ છે. ધૂતારાની ટોળી છે, પપ્પા પપ્પા કહે. આહાહા! પણ જો જરાક પોતાનું ધાર્યું ન થયું (તો) આ કોણ પપ્પા અને કોણ પુત્ર, થઈ રહ્યું.

લંડનમાં હું ગ્યો હતો. મા-બાપ, બાપ કે મા બિમાર પડે, તો હોસ્પિટલમાં મોકલી દયે. અને અઠવાડિયે, પંદર દિવસે, મહિને એ ખબર કાઢવા જાય, કેમ છો? બોલો! આહાહા! આવી સ્થિતિ છે. સ્વાર્થના સગા છે બધાય. આચાર્ય ભગવાન કહે છે, હોં! ધૂતારાની ટોળી છે, ધ્યાન રાખજે. સ્વાર્થ માટે બધી બાજી છે, બાકી કાંઈ વાતમાં માલ નથી. એક આત્મા શરણ છે બાકી કાંઈ આ જગતમાં શરણ નથી, જ્ઞાનીઓ પોકાર કરીને કહે છે.

**અનાદિથી એકત્વસંસ્કારબુદ્ધિ ચાલી આવી છે-એવું છે. વળી કેવું છે**... નીચે **પુદ્ગલ? સ્પર્શ, રસ, ગંધ, વર્ણગુણથી સંયુક્ત**, સહિત **છે. અને આ જીવવસ્તુ આવી છે**. કેવી છે? **રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ એવા અસંખ્યાત લોકમાત્ર અશુદ્ધરૂપ જીવના પરિણામ-તેમનાથી રહિત છે**. નીચે વાંચો, તેમનાથી રહિત થશે નહિ, અત્યારે છે. ખાંડનો મેલ, ખાંડથી અત્યારે ભિન્ન છે, ભલે સંયોગરૂપે છે, એની પ્રોસેસ કરી ન હોય તો પણ મેલ અને ખાંડ બન્ને જુદે જુદા છે. એમ ચેતન વસ્તુ આત્મા અને રાગ-દ્વેષ-સુખ-દુ:ખના પરિણામ, એ રાગ-દ્વેષ-સુખ-દુ:ખના પરિણામથી ભગવાન આત્મા ભિન્ન, જુદે જુદો છે. એ પરિણામ મારા છે એમ તને ભાસે છે, એ

પરિણામ તારા નથી કેમ કે એમાં ચેતનની નિશાની નથી, એ જડની નિશાની છે એમાં.

**અનાદિ બંધપર્યાયથી વિભાવપરિણામ-તેમનાથી રહિત છે એવી, નિર્વિકાર**, વિકાર રહિત શુદ્ધ **છે એવી શુદ્ધ ચિદ્રૂપ વસ્તુ તે-રૂપ છે સર્વસ્વ જેનું એવી છે.** આ મારો આત્મા તો શુદ્ધ છે ત્રણેકાળ. શુદ્ધ કેમ છે? કે રાગથી રહિત છું, અટાણે, એટલે શુદ્ધ રહી ગયો. આહાહા! એ શુદ્ધતા એ મારી, અને અશુદ્ધતા - રાગાદિ એ પુદ્ગલનો ભાવ છે, એ મારો ભાવ નથી. આ દયા, દાન, કરુણા, કોમળતાના પરિણામ, ભગવાનની પૂજાના ભાવ પુદ્ગલના હશે કે જીવના?

મુમુક્ષુ:- પુદ્ગલના.

ઉત્તર:- જીવ કરે છે કે પુદ્ગલ? આ સવારના પહોરમાં ભાઈ જાય છે, સવારના ૫-૬ વાગે. આહાહા! વિકલ્પ ઊઠે છે ભગવાનની પૂજાનો, અભિષેકનો રાગ ઊઠે છે, આવે છે પણ એ રાગ છે તે કર્તવ્ય નથી. આવે પણ કરવા જેવું છે અને એ ધર્મનું કારણ છે એવું માનવા જેવું નથી. આવ્યા વિના રહે નહિ, જ્ઞાન જાણ્યા વગર રહે નહિ, અને એમ જાણે કે મારું નથી તો કામ થાય. એ કર્તવ્ય મારું નહિ, એ ક્રિયા બીજો કરે છે. આહાહા! કરનાર બીજો અને જાણનાર બીજો છે. કરનારથી જાણનાર જુદો રહે છે. કરનાર કરે છે પણ જાણનાર એમાં, એ ક્રિયામાં ભળતો નથી, આત્મા એ-મય થતો નથી. આહાહા!

મુમુક્ષુ:- પોતામાં એવો પડ્યો છે કે ખસતો જ નથી.

ઉત્તર:- ખસતો નથી, અને રાગમાં જતો નથી, અને રાગ જ્ઞાનમાં આવતું નથી, તો પણ આ ક્રિયા મેં કરી એવી મિથ્યા માન્યતા છોડતો નથી. આહાહા! છોડતો નથી, કોઈ છોડાવતું નથી, એમ નહિ! પોતે છોડતો નથી.

ભેદજ્ઞાનનો પ્રકાર અલૌકિક છે. એક વાર પ્રશ્ન આવ્યો (હતો) રાજકોટમાં. સમયસારના વાંચનમાં તો દૃષ્ટિપ્રધાન કથન એટલે સ્વભાવની જ વાત હોય. એમાં કાંઈ શુભાશુભભાવ કરવા જેવા છે, પાપના પરિણામ છોડવા જેવા અને પુણ્ય કરવા જેવું, એવું તો કાંઈ આવે નહિ, કેમ કે એ તો અજ્ઞાનનું કારણ છે. એ તો અજ્ઞાનની દશા છે. હું વાંચન એ વખતે કરતો હતો, ઘણાં વર્ષ પહેલાની વાત છે. એમાં એક ભાઈ કહે કે 'ભાઈ તમે આ નિશ્ચયની વાત તો બરાબર કરો છો પણ સાથે-સાથે થોડીક વ્યવહારની વાત કરતા જાઓ, તો ઠીક પડે સમાજને, બધાને, અમને'. મેં કહ્યું 'કાલથી વ્યવહારની વાત પણ હું સાથે-સાથે કરીશ'. ખુશ, ખુશ થઈ ગયા, એને એમ કે જાણે શુભભાવ કરવા એમ ઉપદેશ આપશે. સમજી ગયા? મેં કાંઈ એમ કહ્યું નહિ. મેં કહ્યું 'કાલથી હું વ્યવહારની વાત કરીશ'. સમજી ગયા? પ્રસિદ્ધ વ્યક્તિ છે, નામ ન લેવાય. બીજે દિવસે કહ્યું કે 'પુણ્ય-પાપથી આત્મા ભિન્ન છે એમ વારંવાર વિચાર કરવો, એનું નામ વ્યવહાર છે'. એને ફટકો પડયો, ઊંધું પડયું એને, ધાર્યું હતું કાંઈ અને નીકળ્યું કાંઈ. આહાહા! શુભભાવને કરવો તે અજ્ઞાન છે. અને શુભભાવ મારાથી ભિન્ન છે એમ જાણવું તે વ્યવહાર છે. અને આત્માને જાણવું તે નિશ્ચય છે. વીટી(ભાઈ) સમજાણું? ફરીથી.

એક વખત ગુરુદેવને એક પ્રશ્ન (કર્યો), છોટુભાઈ વીરાણીએ પ્રશ્ન કર્યો, મુંબઈવાળા છે, કરોડપતિ માણસ છે (પણ) નરમ. રાતના ચર્ચામાં આવે રોજ, બપોરે વ્યાખ્યાનમાં પણ આવે. રાત્રે

એમણે પ્રશ્ન કર્યો, કે આપ કહો છો સાહેબ, કે આત્માનો અનુભવ ત્યાંથી ધર્મની શરૂઆત થાય, પુણ્યથી ધર્મ થતો (નથી). પુણ્યથી તો બંધ થાય પણ મોક્ષ ન થાય. તો એક પ્રશ્ન મારો છે કે પાપ તો અમારે કરવું નથી, કેમ કે પાપ કરીએ તો-તો નીચી ગતિમાં (જઈએ). અને આર્ય જીવ છે, જૈનકુળમાં જન્મ્યા છીએ એટલે પાપના વિચાર તો અમને આવતા નથી. અને આત્માનો અનુભવ થતો નથી, તો વચ્ચે રહ્યું પુણ્ય, તો એ કરવું કે ન કરવું? પાપ અમારે કરવું નથી અને આત્માનો અનુભવ થતો નથી, ત્યાં સુધી પહોંચાતું નથી. આપ કહો છો (તે) વાત સાચી, (પણ અનુભવ સુધી) પહોંચાતું નથી, તો પુણ્ય કરવું કે ન કરવું?

ગુરુદેવે એમ જવાબ આપ્યો, કે 'જ્યારે પુણ્યના પરિણામ આવે ત્યારે એનાથી મારો આત્મા જુદો છે, એમ વારંવાર વિચાર કરવો'. પુણ્ય કરવું એમ પણ ન કહ્યું અને ન કરવું એમ પણ (ન કહ્યું). કેમ કે કરવા ન કરવાનો પ્રશ્ન જ નથી. થાય છે એનાથી આત્મા જુદો છે, એમ જાણવાનો પ્રયત્ન કરવો, એનું નામ વ્યવહાર છે. લ્યો! આ વ્યવહાર. અને આત્માને પ્રત્યક્ષ અનુભવવો એનું નામ નિશ્ચય. આહાહા! મોઢું આટલું (નાનું) થઈ ગયું એનું (પ્રસિધ્ધ વ્યક્તિનું) કે અમારું તો કાંઈ આવ્યું નહિ. તમારું ક્યાંથી આવે આમાં!

કુંદકુંદ ભગવાને જે શાસ્ત્રો લખ્યા, એ આત્મા રાગનો કરનાર છે, અને શુભભાવ કરે તો ધર્મ થાય, પુણ્ય કરતા-કરતા ધર્મ થાય, એટલા માટે શાસ્ત્રની ઉત્પત્તિ નથી. આહાહા! પુણ્ય-પાપના પરિણામથી ભિન્ન આત્માને લક્ષમાં લે, એની દૃષ્ટિ કર, એનો અનુભવ કર તો સંસારનો અંત આવશે. પુણ્ય તો અહીંયાં ગળે વળગ્યું છે દરેકને. આહાહા!

મુમુક્ષુ:- શાતાનો ઉદય હોય તો સારું. શાતાનો ઉદય હોય તો સારું ને?

ઉત્તર:- શાતાનો ઉદય હોય તો સુખ થાય એમ? એમ માને છે. એ માન્યતા સાચી છે?

મુમુક્ષુ:- એ માન્યતા સાચી હોય? એનું ફળ તિર્યંચનું જ મળે છે.

ઉત્તર:- આહાહા! તિર્યંચમાં જ જાય જીવ, થોડો ટાઈમ રહે (બહાર ત્રસમા), હવા ખાવા નીકળે. આહાહા! કરવું તો આત્માના સ્વભાવમાં નથી, જાણવું સ્વભાવમાં છે. આત્મા જાણનાર છે, કરનાર નથી. અને જાણનારને જાણો તો ધર્મ થાય. કર્મને જાણો તો પણ કર્મ બંધાય, રાગને જાણો તો પણ કર્મ બંધાય, દેવ-ગુરુ-શાસ્ત્રને જાણો તો પણ કર્મ બંધાય. આત્માને જાણો તો કર્મની નિર્જરા થાય, નવો બંધ ન થાય અને જૂનાની નિર્જરા થઈ જાય. આહાહા! આવી વાત છે.

**શુધ્ધ ચિદ્રૂપ વસ્તુ તે-રૂપ છે સર્વસ્વ જેનું એવી છે. નિર્વિકાર છે એવી શુધ્ધ ચિદ્રૂપ વસ્તુ તે-રૂપ છે સર્વસ્વ જેનું એવી છે. ભાવાર્થ આ પ્રમાણે છે કે જેમ પાણી**, હવે દૃષ્ટાંત આપે છે. **પાણી કાદવ મળતાં મેલું છે**. માટીનો સંયોગ થયો તો પાણી મેલું છે. પાણી મેલું નથી, પાણીની અવસ્થા મેલી છે, તે વ્યવહાર છે અને નિશ્ચયથી તો માટી મેલી છે. માટી મેલી છે, પાણી મેલું થતું નથી. **ત્યાં તે મેલાપણું રંગ છે,** આગંતુક ભાવ, મહેમાન થયો એ તો. **તે રંગને અંગીકાર નહિ કરતા બાકી જે કાંઈ છે તે પાણી જ છે**. આહાહા! માટીના ભાવને ગૌણ કરો કે આ માટીના ભાવ છે, આ લક્ષણ, સ્વચ્છતા લક્ષણ પાણીનું છે અને મલિનતા લક્ષણ માટીનું છે. બન્નેના લક્ષણ જુદા-જુદા છે, એમ જાણે અને ફટકડી નાખે તો મેલ જુદો પડી જાય અને સ્વચ્છ પાણી પ્રગટ અનુભવમાં આવે.

**તેમ જીવને કર્મબંધપર્યાયરૂપ અવસ્થામાં રાગાદિ ભાવ રંગ છે,** આહાહા! રંગની બાદબાકી કરવી જોઈએ. **તે રંગને અંગીકાર નહિ કરતા**, એટલે હું રાગી છું, એમ નહિ માનતા, અંગીકાર ન કરતા એટલે 'રાગી જીવ છે' એવી બુદ્ધિ છોડી દયો. રાગી જીવ નથી, રાગી પુદ્ગલ છે. **નહિ કરતા બાકી જે કાંઈ છે તે ચેતનધાતુમાત્ર વસ્તુ છે.** આહાહા! જ્ઞાનમય આત્મા છે, આત્મા રાગમય નથી. રાગી તો પુદ્ગલ છે, જીવ તો જ્ઞાનમય છે. સ્વરૂપ તો આવું છે. **આનું નામ શુદ્ધ સ્વરૂપ-અનુભવ જાણવું,** આનું નામ શુદ્ધાત્માનો અનુભવ **કે જે સમ્યગ્દૃષ્ટિને હોય છે.** અથવા આવો અનુભવ કરે તે સમ્યગ્દૃષ્ટિ થાય છે. લ્યો! થઈ ગયો વખત.

મુમુક્ષુ:- ભાઈ સંવાદ લેવાનો ભાવ છે.

## પરમપારિણામિકભાવ, સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો સંવાદ

**મુમુક્ષુ:- मङ्गलं भगवान् वीरो मङ्गलं गौतमो गणी ।**
**मङ्गलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मङ्गलम् ॥**
**सर्वमङ्गलमाङ्गल्यं सर्वकल्याणकारकं ।**
**प्रधानं सर्वधर्माणां जैनं जयतु शासनम् ॥**

અધ્યાત્મયુગ પ્રવર્તક મહાન કહાન ગુરુદેવની પરંપરામાં થયેલા મહાન વિદ્વાન પૂજ્ય શ્રી લાલચંદભાઇની સાક્ષીમાં, (પૂજ્ય લાલચંદભાઇને) પરમપરિણામીકભાવ સ્વરૂપની જગ્યાએ રાખીને અમે બન્ને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો સ્વાંગ ધારણ કરીને આ સંવાદ પ્રસ્તુત કરીએ છીએ.

**ઉત્તર:-** એ (સંધ્યાબહેન) સમ્યગ્દર્શનનો સ્વાંગ ધારણ કરે છે અત્યારે અને આ (નીલમબહેન) સમ્યગ્જ્ઞાન છે. એ બન્નેનો વાદવિવાદ થશે. અને પરમપારિણામિકભાવ અહીં, એ આત્મા છે.

**મુમુક્ષુ:-** પરમપારિણામિકભાવ એ તો સ્વભાવ જ છે.

**ઉત્તર:-** આ તો સ્વાંગ છે, આ બધા.

**મુમુક્ષુ:-** પરમપારિણામિકભાવ તો સ્વભાવ જ છે.

**મુમુક્ષુ:-** સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાનની જોડી, કોઈ ન શકે તોડી.

**ઉત્તર:-** એક સાથે જ છે ને? સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એક સાથે જ પ્રગટ થાય છે, એક સાથે રહે છે. હવે સમ્યગ્દર્શન બોલે છે.

**સમ્યગ્દર્શન:-** હે પરમપારિણામિકભાવ સ્વરૂપ જ્ઞાયક પરમાત્મન્! તમને સમ્યક્ શ્રદ્ધાનો પ્રણામ સ્વીકાર હો, સ્વીકાર હો, સ્વીકાર હો!

**સમ્યગ્જ્ઞાન:-** હે પરમપારિણામિકભાવ સ્વરૂપ જ્ઞાયક પરમાત્મન્! તમને સમ્યગ્જ્ઞાનનો પ્રણામ સ્વીકાર હો, સ્વીકાર હો, સ્વીકાર હો!

**સમ્યગ્દર્શન:-** બન્ને મળીને પુન: પુન: નમસ્કાર કરીને આપશ્રીની સાક્ષીમાં અમે અમારા સ્વરૂપને ખુલ્લું કરીએ છીએ.

**સમ્યગ્જ્ઞાન:-** હે શ્રદ્ધા! હું આત્મવસ્તુને કથંચિત્ અભેદ અને કથંચિત્ ભેદસ્વરૂપ જાણું છું.

નિત્ય-અનિત્ય, એક-અનેક, અપરિણામી-પરિણામી, દ્રવ્ય-પર્યાય સ્વરૂપ, उत्पादव्ययध्रौव्ययुक्तं सत्, એટલે કે વસ્તુ જેવી છે એવી બે પડખાવાળી જાણું છું. તું પણ મારી જેમ જ વસ્તુને એવી માન, એવી માન!

**સમ્યગ્દર્શન:-** ના ભાઈ જ્ઞાન! એમ ના બને. એવું તો બને જ નહિ. એમાં તો હું મિથ્યા થઈ જઇશ!

**સમ્યગ્જ્ઞાન:-** કેમ? કેમ મિથ્યા થઈ જઇશ? હું તો દ્રવ્ય-પર્યાય સ્વરૂપને જાણું છું, એમાં હું તો સમ્યક્ રહું છું. તું મિથ્યા કેમ થઈ જાય? તું મિથ્યા થવાનો ભય ના કર. તું પણ એમાં જ સમ્યક્ થઇશ. કેમ બરાબર છે ને?

**સમ્યગ્દર્શન:-** અરે ભાઈ જ્ઞાન! જેમાં તું સમ્યક્ રહે છે એમાં હું પણ સમ્યક્ રહું, એમ નથી. કેમ કે આપણા બન્નેનો nature (સ્વભાવ) ફરક-ફરક છે. હું તો નિર્વિકલ્પ છું અને મારો વિષય એક જ હોય. અને મારામાં સર્વથાપણું જ હોય છે, મારામાં કથંચિત્પણું ન હોય. મને કથંચિત્ આવડતું જ નથી, મને જે દેખાય છે એ સર્વથા જ દેખાય છે. હું શું કરૂં? મારો સ્વભાવ જ સર્વથા તરીકે જ દેખવાનો છે.

**સમ્યગ્જ્ઞાન:-** હા શ્રદ્ધા! એ તો બરાબર છે કે તારો સ્વભાવ નિર્વિકલ્પ છે, તારામાં સર્વથાપણું જ છે.

**સમ્યગ્દર્શન:-** એટલે જ તો! હે ભાઈ જ્ઞાન! અનંત-અનંતળકાથી હું પોતાના સર્વથા શુદ્ધ, પરિપૂર્ણ, અનંત-અનંત ગુણમય અભેદ-જ્ઞાતા સ્વભાવને સર્વથા અશુદ્ધ-અપૂર્ણ દોષી માનતી હતી. હવે આપશ્રીની અનંત-અનંત પરમકૃપાથી, આપશ્રીના શુદ્ધનય સ્વરૂપ કલ્યાણકારી માર્ગદર્શનથી, આપે મારા પૂર્ણ શુદ્ધ સ્વરૂપ, પરિપૂર્ણ કૃતકૃત્ય પરમાત્મસ્વરૂપ, સ્વયં સિદ્ધ સ્વરૂપ, આહાહા! ભગવાન આત્મસ્વરૂપ દેખાડ્યો છે, દર્શાવ્યો છે. અને મેં પણ મારા સ્વરૂપને એવું જ માની લીધું છે કે હું તો નિત્યનિરાવરણ-અખંડ-પ્રત્યક્ષ-પ્રતિભાસમય પરિપૂર્ણ જ્ઞાયક પરમાત્મા છું. સર્વથા શુદ્ધ જ છું, પૂર્ણ જ છું, નિષ્ક્રિય શુદ્ધ જ્ઞાયકભાવરૂપે જ છું, અભેદ જ છું. મને એટલું જ દેખાય છે, એ સિવાય બીજું કશું પણ મને દેખાતું નથી. એમાં જ મારું સમ્યક્પણું છે.

**સમ્યગ્જ્ઞાન:-** એમ! તું સર્વથા શુદ્ધ સ્વભાવ, પરમાર્થ સ્વભાવથી અભેદ છો, નિર્વિકલ્પ છો. વાહ! બહુ સારું. હવે હું તને કથંચિત્નો આગ્રહ કદી ન કરું.

**સમ્યગ્દર્શન:-** હા પ્રભુ જ્ઞાન! જો મને કથંચિત્માં આવવાનું કહેશો તો હું મિથ્યા થઈ જઇશ. અને મારા મિથ્યા થતાં તમે પણ મિથ્યા થઈ જશો. મારા મરણ સાથે જ તમારું મરણ પણ જાણો!

**સમ્યગ્જ્ઞાન:-** એમ! ઓહોહોહો! તો મારે એવું નથી કરવું. અનંતકાળથી હું પણ તારા સમ્યક્પણા વિના મિથ્યા રહ્યો છું, કથંચિત્ના પક્ષમાં રહ્યો છું, નિત્ય-અનિત્યનો જ્ઞાતા નથી થયો. હવે હે શ્રદ્ધા! તું તારા સર્વથા શુદ્ધ સ્વભાવમાં નિશ્ચલ રહે. હું કોઈ દિવસ તને કથંચિત્માં નહિ લાવીશ.

**સમ્યગ્દર્શન:-** હા ભૈયા જ્ઞાન! આત્મા તો સર્વથા શુદ્ધ જ છે ને? આહાહા! હું તો પરિપૂર્ણ, નિર્વિકલ્પ, અભેદ પરમાત્મા છું. હું તો સર્વથા નિત્ય જ્ઞાતા સ્વરૂપે જ છું. હે ભાઈ જ્ઞાન! હવે તમે પણ

જેટલો હું શ્રદ્ધું છું એટલો ચૈતન્ય સામાન્ય આત્મા છે, કેવળ એને જ તમે પણ આત્મા જાણો, સર્વથા દ્રવ્યને જ જાણો. તમે શું કામ પર્યાયને જાણો છો? એ તો પરદ્રવ્ય છે ને? તમે મારી વાત માનો કે એકલા દ્રવ્ય સ્વભાવને જ જાણો. તમે પણ સર્વથામાં આવી જાઓ ને?

**સમ્યગ્જ્ઞાન:-** અચ્છા! હે શ્રદ્ધા! જેમ તારા સ્વભાવમાં સર્વથા એકાંત છે એવું મારા સ્વભાવમાં સર્વથા એકાંત નથી. મારા સ્વભાવમાં તો અનેકાંતપણું છે, કથંચિત્પણું છે, હું સ્યાદ્વાદરૂપ છું. હું જો સર્વથા એકાંતમાં જાઉં તો હું મિથ્યા થઈ જાઇશ, મરી જાઇશ.

**સમ્યગ્દર્શન:-** અરે! હું તો સર્વથામાં જ સમ્યક્ રહું છું અને તમે સર્વથામાં સમ્યક્ નહિ? તમે એમાં મિથ્યા થઈ જશો? મરી જશો?

**સમ્યગ્જ્ઞાન:-** હા! હું સર્વથા એકાંતમાં સમ્યક્ નથી થતો. સર્વથામાં તું સમ્યક્ અને કથંચિત્માં હું સમ્યક્. કથંચિત્માં તું મિથ્યા અને સર્વથામાં હું મિથ્યા. હવે તો આપણા બન્નેનો સમ્યક્ થવાનો કાળ પાકી ગયો છે. કેમ કે આપણા ઉપર પૂજ્ય શ્રી લાલચંદભાઈ જેવો પારિણામિક સ્વભાવ મળી ગયો છે ને? એટલે હવે તો બન્નેનો સમ્યક્ થવાનો કાળ પાકી ગયો છે. એટલે તું સર્વથા શુદ્ધ પરિપૂર્ણ મુક્ત અભેદ જ્ઞાયકભાવમાં જ રહે અને હું પણ તારો જે આત્મા છે એ જ મારો આત્મા છે, તને જે ઉપાદેય છે એ જ મને ઉપાદેય છે. એમાં તો હું તારી સાથે છું, પણ...

**પરમપારિણાકમિકભાવ:-** પણ...

**સમ્યગ્દર્શન:-** પણ...

**સમ્યગ્જ્ઞાન:-** પણ જાણવા માટે મારે તારા કરતા (સિવાય) બીજું પણ પડખું છે.

**પરમપારિણાકમિકભાવ:-** છે!

**સમ્યગ્દર્શન:-** હે જ્ઞાન! તું શુદ્ધનયના સ્વરૂપમાં તો મારી સાથે છો. એટલે તું મારી સાથે તો છો ને! એ બહુ સારું, બહુ સરસ, પણ...

**સમ્યગ્જ્ઞાન:-** પણ શું? મારી એક વિશેષતા છે. મારો સ્વભાવ જ સવિકલ્પ છે એટલે બધું જાણવું. દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપ, उत्पादव्ययध्रौव्ययुक्तं सत्, ભેદાભેદ સ્વરૂપ, કથંચિત્ રહિત અને કથંચિત્ સહિત, આત્મા અને આત્માશ્રિત આનંદ આદિને જાણવું એવો મારો સહજ સ્વભાવ છે. અને જ્યારે હું આખી વસ્તુ દ્રવ્ય-પર્યાય સ્વરૂપને જાણું છું ત્યારે જ તું પણ સમ્યક્ નામ પામે છે. એ પહેલા તો તું પણ મિથ્યા હતી. હે શ્રદ્ધા! તારા પક્ષથી મારો સ્વભાવ એકલો નિશ્ચયથી સ્વપ્રકાશક જ છે. અને જ્ઞાનની અપેક્ષાએ, એટલે જાણવાની અપેક્ષાએ મારો સ્વભાવ નિશ્ચય સ્વપરપ્રકાશક છે, અને વ્યવહાર સ્વપરપ્રકાશક પણ છે. કેમ બરાબર છે ને?

**સમ્યગ્દર્શન:-** બરાબર છે.

**હવે પરમપારિણામિકભાવ સમ્યકશ્રદ્ધા અને સમ્યગ્જ્ઞાનને આશીર્વાદ આપે છે.**

**પરમપારિણાકમિકભાવ:-** (હે) નિર્દોષ સમ્યક્ શ્રદ્ધા! હે નિર્દોષ સમ્યગ્જ્ઞાન! તમે બન્ને એક સાથે સંપીને રહો છો, એટલે સમ્યક્ એકાંત પૂર્વક અનેકાંત થાય છે. એ બહુ સારું છે. એવો જ તમારો બન્નેનો સ્વભાવ છે. સમ્યકશ્રદ્ધા-સમ્યગ્જ્ઞાન સ્વરૂપ જ્ઞાન-દર્શન જયવંત વર્તો. ધ્યેય પૂર્વક જ્ઞેયની સંધિ, સ્વરૂપ વીતરાગ સર્વજ્ઞપણું જયવંત વર્તો! જયવંત વર્તો!

**સમ્યક્શ્રદ્ધા-સમ્યગ્જ્ઞાન બન્ને મળીને કહે છે:-** હે પારિણામિકભાવ! હે પરમપારિણામિકભાવ સ્વરૂપ પરમાત્મન્! હે પ્રભો! અમે બન્ને આપના આશ્રયે આપની અનંત-અનંત કૃપાથી પ્રગટ થયા છીએ. અમારું સર્વસ્વ તો આપ જ છો. અમે આપમયી જ છીએ.

પરમપરિણામિકભાવ:- ભલે તમે બન્ને કહો છો કે મારા આશ્રયે સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે, પણ એમ છે નહિ. તમે પ્રગટ થાવ છો ત્યારે તમારું લક્ષ મારા ઉપર છે, એટલે મારા આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થયું, એવો ઉપચાર આવે છે. ખરેખર તો તમારા બન્નેની પર્યાય સત્ - તમારાથી પ્રગટ થઈ છે. અમે એના કર્તા પણ નથી અને અમે એના કારણ પણ નથી, અમે તો જાણનાર છીએ.

**સમ્યક્શ્રદ્ધા-સમ્યગ્જ્ઞાન બન્ને મળીને કહે છે:-** જાણનાર ભગવાન આત્માનો જય હો! જ્ઞાયક દેવનો જય હો! પરમપારિણામિકભાવનો જય હો!

**મુમુક્ષુ:-** સ્વયંપ્રભુનો જય હો!

**ઉત્તર:-** સમ્યક્ એકાંત પૂર્વક (સમ્યક્) અનેકાંત (થાય છે) ...

**મુમુક્ષુ:-** સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન તત્કાલની યોગ્યતા, આપને કારણે નહિ?

**ઉત્તર:-** ના બિલ્કુલ નહિ. અમને કારણ-બારણ કોઈ કહેશો (નહિ). એ સૌ સૌની યોગ્યતા પ્રમાણે પર્યાય પ્રગટ થાય છે. અમે તો અકર્તા અને અકારણ છીએ. આહાહા! અમે કોઈનું કારણ-બારણ નથી. પર્યાયનું કારણ પર્યાયમાં, પર્યાયનો કર્તા પર્યાય છે, હું કર્તા-ભોક્તા નથી. મારી હાજરીમાં થાય છે એટલું બરાબર છે, પણ મારા કારણે થાય છે, એમ છે નહિ. એમ અમને કહેશો (નહિ). આહાહા!

**મુમુક્ષુ:-** આપની વાત અમને શિરોમાન્ય છે કેમ કે એમાં જ અમારું કલ્યાણ છે.

**ઉત્તર:-** તો ઠીક, કલ્યાણ છે!

**મુમુક્ષુ:-** શિરોમાન્ય થયું ત્યારે તો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયું. એમાં જ અમારું કલ્યાણ છે.

**ઉત્તર:-** બરાબર છે. એમાં જ કલ્યાણ છે.

**મુમુક્ષુ:-** ભાઈ! આટલું બધું નિરપેક્ષ અને સ્વતંત્ર?

**ઉત્તર:-** હા! બે સત્ અલગ-અલગ છે ભાઈ! કોઈને કારણે કોઈ છે નહિ. દ્રવ્યને કારણે પર્યાય નથી અને પર્યાયને કારણે દ્રવ્ય નથી. બે સત્ જ્યારે પ્રત્યક્ષપણે સ્વીકાર સ્વીકારશો, નિરપેક્ષ, ત્યાર પછી સાપેક્ષનો વ્યવહાર આવે, કે આત્માને આશ્રયે થાય, આત્માની કૃપાથી થયું, એ બધું વ્યવહાર કહેવાય.

**મુમુક્ષુ:-** વાહ! પરમપરિણામિકભાવની કરુણા ઘણી.

**જાણનાર ભગવાન આત્માનો જય હો!**

**જ્ઞાયક દેવનો જય હો!**

**પરમપારિણામિકભાવનો જય હો!**

ૐ